# (૧૦) યુવકો મારું સર્વસ્વ છે.

સ્વામીશ્રીનું જીવન ગુરુભક્તિથી ભરેલું છે. યોગીજી મહારાજે જ્યારથી યુવકોની સેવા સ્વામીશ્રીને સોંપી ત્યારથી આજ દિન સુધી યુવકોની સેવા કરવાની એક પણ તક તેઓએ જતી કરી નથી.

જ્યારે યુવકોની વાત આવે ત્યારે સ્વામીજી સ્થળ, સમય, તથા પોતાનો દેહ બધું જ વિસરી જતા હોય તેવું દર્શન ઘણી વખત થયું છે.

એક વખત રાજકોટ યોગીધામ કેમ્પસમાં સ્વામીજી ઉમેશભાઈ યાજ્ઞીક સાથે ઉભા ઉભા ખાનગી કરતાં હતા. લગભગ ત્રીસ મિનિટ જેટલો સમય થયો છતાં સ્વામીજી ત્યાં જ ઉભા હતા. તેથી મૈત્રીસ્વામીએ સ્વામીજીને પ્રાર્થના કરતા કહ્યું, આપણે રૂમમાં જઈને વાત કરીએ તો ચાલે ! અહીંયા કેટલા બધા મચ્છર છે ! સ્વામીજી ધીરેથી મૈત્રીસ્વામીને કહે, **મૈત્રી ! હું કોઈ યુવક કે હરિભક્ત સાથે ખાનગી કરતો હોઉં કે વાત કરતો હોઉં તો મને મારા દેહનું ભાન જ નથી રહેતું. એ મારા પર બાપાની કૃપા છે.**

આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આવા ખાનદાન માવતરની ગોદમાં બેસવાનું મળ્યું. જેઓ નિરંતર આપણા માટે પોતાનું સઘળું ન્યોછાવર કરવા તત્પર છે. આપણે સહું સંકલ્પ કરીએ કે 'આત્મીય યુવા મહોત્સવ' માં સર્વોપરી યુવા સેવા કરીને સ્વામીજી પ્રત્યેની ગુરુભક્તિ અદા કરી એમના અંતરને હાશ કરાવી શકીએ.